Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
now on Internet www.janfariyad.com
अब तो एक ही आग "जन फरियाद"
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-50 ■ તા. 10-12-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂ. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂ. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk








લોકશાહીના મહાપર્વમાં ૧૮ વર્ષની વયે જીવનમાં પ્રથમ વખત મતદાન કરી રહેલા યુવાન-યુવતીઓથી માંડી જીવનની સદી વટાવી ચૂકેલા વયોવૃદ્ધ મતદારો ભાગ લેવા અને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા વિવિધ મતદાન કેન્દ્રો પર ઉમટી પડયા હતા. રાજકોટમાં એક કેન્સરગ્રસ્ત યુવાન પણ તેની લોકશાહીની ફરજ અદા કરવા મતદાન કેન્દ્રમાં આવી પહોંચ્યો હતો.

# પહેલા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ સંપન્ન : સરેરાશ ૬૮ ટકા જેટલું મતદાન થયું

અમદાવાદ,

સમગ્ર દેશ અને દુનિયામાં પ્રતિષ્ઠાનો જંગ બની ગયેલી ગુજરાત વિધાનસભાની ચુંટણીના પ્રથમ તબક્કામાં ૮૯ બેટકો માટે આજે મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયુ હતું. ૮૯ બેઠકો માટે સરેરાશ ૬૮ ટકા મતદાન રહ્યું હતું.મતદારોએ ૯૭૭ ઉમેદવારોના ભાવી ઈવીએમ મશીનમાં સીલ કરી દીધા હતાં. જેમાં ૯૧૯ પુરૂષ ઉમેદવારો અને ૫૮ મહિલાઓનો સમાવેશ થાય છે. મતદાન શાંતિપૂર્ણ થાય તે માટે તમામ સ્થળે જડબેસલાક સુરક્ષા ગોઠવવામાં આવ્યા હતાં. મતદાન માટે ૧૪૧૫૫ સ્થળે ૨૪૬૭૯ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતાં. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો યોજાઇ હતી.આજે સવારે ૧૯ જીલ્લાઓમાં સવારે ૮ વાગ્યાથી મતદાન શરૂ થયુ હતું. મતદાન શરૂ થતા જ સવારમાં જ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજકોટમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણીએ ભાવનગર,કોંગ્રેસના ઉમેદવાર પરેશા ધાનાણીએ અમરેલીમાં મતદાન કર્યું હતું. આ ઉપરાંત કર્ણાટકના રાજયપાલ વજુભાઇ વાળા, ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ,ક્રિકેટર ચેતેશ્વર પુજારાએ રાજકોટમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન માટે કુલ ૧,૧૬,૪૦૪ જેટલા અધિકારી કર્મચારીઓને સામેલ કરવામાં આવ્યા છે. જયારે મુકત અને ન્યાયી માહોલમાં ચુંટણી યોજાય તથા કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે માટે કુલ ૧.૭૪,૮૪૨ જેટલા પોલીસ જવાનો અધિકારોને તહેનાત કરવામાં આવ્યા હતાં.

સવારે મતદાન શરૂ થયું ત્યારે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મહિલાઓ અને પ્રથમવાર મતદાન કરી રહેલ યુવાનોમાં જોમ જોવા મળ્યુ હતું. મતદાન દરમિયાન અનેક સ્થળોએ ઈવીએમ ખોટકવાની ફરિયાદો ઉઠી હતી. જયારે બીજી તરફ ઈવીએમ બ્લ્યુટુથ સાથે કનેકટ થયા હોવાનું પણ સામે આવ્યું છે. જે ઈવીએમ મશીનમાં ખામી સજાઇ હતી તેને બદલવામાં આવ્યા હતાં કચ્છમાં કેટલીક જગ્યાએ યાંત્રિક ખામીને કારણે ઈવીએમ વીવીપેટ બદલવામાં આવ્યા હતાં જયારે અબડાસામાં ૭ જગ્યાએ ઈવીએમ અને ૨૪ સ્થળે વીવીપેટ,અંજારમાં એકર ઈવીએમ અને ૮ વીવીપેટ,મુદ્રામાં ૯ જગ્યાએ ઈવીએમ અને ૨૪ સ્થળે વીવીપેટ બદલવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ભુજમાં સુરથપુરા, હાજીપુરા ગાંધી ધામ વગેરે સ્થળોએ પણ ઈવીએમ અને વીવીપેટમાં ખામી હોવાની ફરિયાદો સામે આવી હતી આ ઉપરાંત અમરેલીમાં ૨, પોરબંદરપમાં ૧૭, સુરતમાં ૭૦ વલસાડ ૫ જવારકા ૪ રાજકોટ ૩ સ્થળોએ ઈવીએમ અને વીવીપેટ મશીનમાં ખામી સર્જાઇ હતી. પાટીદાર ગઢ ગણાતા સુરતમાં પાટીદારોએ ભારે સંખ્યામાં મતદાન કર્યું હતું.

ચુંટણી પંચના કમિશ્નર બી બી સ્વૈને કહ્યું હતું કચ્છમાં ૬૩ ટકા,સુરેન્દ્રનગરમાં ૬૫ ટકા, મોરબી ૭૫ ટકા,રાજકોટ ૭૦, જામનગર ૬૫, દ્વારકા ૬૩, પોરબંદર ૬૦,જુનાગઢ ૬૫, ગીર સોમનાથ ૭૦, અમરેલી ૬૭ ટકા,ભાવનગર ૬૨ ટકા બોટાદ ૬૦, નર્મનદા ૭૩,ભરૂચ ૭૧,સુરત ૭૦,તાપી ૭૩,ડાંગ ૭૦ નવસારી ૭૫ ટકા અને વલસાડમાં ૭૦ ટકા જેટલુ મતદાન થયું છે. જયારે ૧૦૦ જેટલા ઈવીએમ બગડયાની ફરિયાદ મળી છે. સોમનાથ જીલ્લાના બાનેજ ગામમાં આજે મતદાન યોજાયુ હતું. આ ગામમાં ૧૦૦ ટકા મતદાન થયુંહતું આ ગામમાં એકમાત્ર મતદાર હતો અને તેના માટે પોલિંગ બુથ બનાવવામાં આવ્યું હતું. સુરતમાં રસપ્રદ કિસ્સા સામે આવ્યો છે. અહીં બે જૈન યુવતીઓએ મતદાન કર્યું હતું. ખાસ વાત એ છે કે આ તેમનું અંતિમ મતદાન હતું કારણ કે તે ટુંક સમયમાં જ દીક્ષા લેવા જઇ રહી છે. રાજકોટ ગ્રામ્ય બેઠકના કોંગ્રેસના ઉમેદવાર વસરામ સાગઠિયા વિવાદમાં ફસાયા છે સાગઠિયા મતદાન કરી રહ્યાં હતાં ત્યારે તેમની પાછળ અન્ય એક વ્યક્તિ શુટીંગ કરી રહ્યો હોવાનો વીડિયો વાયરલ થયો હતો.નિયમ પ્રમાણે કોઇ વ્યક્તિ મતદાન કરે ત્યારે મોબાઇલથી શુટીંગ કરવાની મનાઇ હોય છે

સુરતના પાડેસરા વિસ્તારમાં આવેલા દેવકી નંદન સ્કુલ ખાતેના બુથ પર ઘર્ષણ સર્જાયુ હતું જેમાં ભાજપના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે અપક્ષ ઉમેદવાર અજય ચૌધરીના કાર્યકરોએ આવીને ભાજપના કાર્યકરોને ધમકી આપી હતી આ વાતથી નારાજ અપક્ષના કાર્યકરો અને ભાજપના કાર્યકરો વચ્ચે અથડામણ થઇ હતી જો કે વધુ વાત ઉગ્ર બને તે પહેલા પોલીસે મામલો થાળે પાડયો હતો. પોરબંદર, ભાજપના ઉમેદવાર બાબુભાઇ બોખિરિયાએ ચુંટણી આચારસંહિતાનો ભંગ કર્યાની ચુંટણી અધિકારીને ફરિયાદ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

રાજકોટ, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને તેમના પત્ની અંજલિબેન રૂપાણીએ આજે સવારે મતદાન કરતા પહેલા તેમના રહેણાંક વિસ્તાર પ્રકાશ સોસાયટીમાં આવેલા મહાદેવના મંદિરે દર્શન કરી માથુ ઝુકાવી ભવ્ય વિજયના આશીર્વાદ મેળવવા સાથે મોદીજીનું ૧૫૦ બેઠક મેળવવાનું સપનુ સાકાર થાય તેવી પણ મનોમન પ્રાર્થના કરી હતી વેડી રોડ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સુરતના શ્રી પ્રભુ સ્વામી ૧૫ જેટલા સંતો સાથે નાજાવાડ ગામે આવેલ સરકારી પ્રાથમિક શાળામાં લાઇનમાં ઉભા રહી સુરત કતારગામ વિધાનસભામાં કિંમતી મતદાન કર્યું હતું અને રાષ્ટ્રભક્તિ અદા કરી હતી. મતદાનમાં રાજકોટના ઉપલેટામાં રહેતા ૧૨૬ વર્ષના માજી અજીબેન સીદાભાઇ ચંદ્રવાડિયાએ પણ મતદાન કર્યું હતું. અજીબેન હાલ દેશ અને દુનિયાના સૌથી વયોવૃધ્ધ મતદાર છે. સુરતમાં સેંથામાં સિંદુર પુરાય તે અગાઉ દુલ્હન મતદાન કરવા માટે પહોંચી ગઇ હતી. રાંદેર વિસ્તારમાં રહેતી વાઘેલા દિક્ષીતાએ મતદાન કરી મજબુત લોકશાહીને વધુ મજબુત બનાવવા માટે પોતાના મતાધિકારીનો ઉપયોગ કર્યો હતો. લોકશાહીના પર્વમાં હાથમાં મતદાનની શાહી લગાવીને યુવાનો ગરબે ઝુમી ઉઠયા હતાં સુરતના મજુરા વિધાનસભા બેઠકમાં આવતા પાર્લેપોઇન્ટ ખાતે પ્રથમ વખત મત આપનાર યુવાનો પોતાનો મત આપી આ દિવસને પર્વ સમજી ઉજવ્યો હતો. મત આપ્યા બાદ તમામ યુવાનો પોતાન ગ્રુપ સાથે એકત્ર થઇ ગરબે ધુમી ઉજવણી કરી હતી. યુવાનોએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય પર્વ છે અને તંદુરસ્ત લોકશાહી માટે પહેલીવાર મતદાન કર્યું છે. ત્યારે પ્રથમવારના મતદાનને યાદગાર બનાવવા માટે તેમણે ગરબાના તાલે ઝુમીને અનઓખરી રીતે ઉજવણી કરી હતી. દક્ષિણ ગુજરાતમાં સુરતની આઠ નવસારી,વલસાડ તાપી ભરૂચ નર્મદાની ૪૩ બેઠકો પર સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયુ હતું. કેટલાક સ્થળએ ઈવીએમ મશીન બગડી જવાની ફરિયાદો મળી હતી. સુરત શહેરમાં જીલ્લાની બેઠકો પર સવારથી ભારે મતદાન થયુ હતું. પાટીદારોના ગઢ સુરતના વરાછામાં પ્રથમ બે કલાકમાં ૧૯ ટકા જેટલું મતદાન થયુ હતું. અનેક મતદાન કેન્દ્રો પર લાઇનો જવા મળી હતી. મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે પોલીસનો અને અર્ધલશ્કરી દળોનું સુરક્ષા જવાનોની સુરક્ષામાં મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયુ હતું. રાજકોટમાં સવારે આઠ વાગ્યાથી મતદાન થયુ હતું. અહીં પણ ઈવીએમ મશીનમાં ખામીની ફરિયાદો સામે આવી હતી.જેને કારણે મતદારોમાં આક્રોશ જોવા મળ્યો હતો. જો કે મતદારોએ ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું. રાજકોટમાં યુવાઓથી માંડી મોટી ઉમરના વડીલો મતદાન કરવા પહોંચી ગયા હતાં. ભાવનગર જીલ્લાની સાત બેઠકોમાટે મતદાન સવારે શાંતિપૂર્ણ શરૂ થયુ હતું સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અહીં ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી કેન્દ્રીય મંત્રી પરસોત્તમ સોલંકી,વિભાવરીબેન દવેએ મતદાન કર્યું હતું. મતદાન ભાવનગરમાં ૭૧ ઉમેદવારોનું ભાવ મતદારોએ સીલ કર્યો હતો. કચ્છમાં અનેક સ્થળોએ ઈવીએમમાં ખામી સર્જાઇ હતી જેને કારણે મતદાનમાં વિલંબ થયો હતો. ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાએ અહીં મતદાન કર્યું હતું. તેમણે કહ્યું કે અનેક ઈવીએમ મશીનમાં ફોલ્ટ જોવા મળ્યો હતોં.

### રાહુલે ફરી એકવાર મોદી અને ભાજપ પર ફરી ચાબખા વરસાવ્યા

# નરેન્દ્ર મોદીના નિવેદનમાં વિકાસ ભૂલાયો, ભાષણનું શાસન : રાહુલ

## વિકાસનો મુદ્દો ગાવા જેવો રહ્યો જ નથી એટલે આ વખતે મણિશંકર ઐય્યરના મુદ્દાનો મોદીએ સહારો લીધો : તાતા નેનોના મુદ્દે રાહુલના મોદી ઉપર પ્રહાર

અમદાવાદ,

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ગુજરાત મુલાકાતના બીજા દિવસે પાટણ, બનાસકાંઠા, મહેસાણા, ઉંઝા, વડનગર, વિજાપુર સહિતના સ્થળોએ જોરદાર પ્રચાર અભિયાન હાથ ધર્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આજે પ્રથમ તબક્કાના મતદાનને લઇ નાગરિકોના ઉત્સાહ અને મતદાનના ઝોકને રાહુલ ગાંધીએ કોંગ્રેસ તરફી ગણાવ્યો હતો અને ફરી એકવાર ગુજરાતમાં કોંગ્રેસની જનતાની પોતાની સરકાર બનવા જઇ રહી છે તેવો પુનરોચ્ચાર કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર ચાબખા વરસાવ્યા હતા. રાહુલ ગાંધીએ અત્યારસુધીમાં પૂછેલા દસ સવાલોનો જવાબ વડાપ્રધાન મોદી પાસેથી માંગ્યો હતો અને જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીના ભાષણોમાં વિકાસ ભૂલાઇ ગયો છે, ગુજરાતમાં માત્ર ભાષણનું જ શાસન જોવા મળી રહ્યું છે. વિકાસનો મુદ્દો ગાવા જેવો રહ્યો નથી એટલે આ વખતે મણિશંકર ઐય્યરના મુદ્દાનો મોદીજીએ સહારો લીધો એવો ગંભીર કટાક્ષ પણ રાહુલે કર્યો હતો. રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર ટાટા નેનો મુદ્દે મોદી સરકાર પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે મનરેગામાં રૂ.૩૫ હજાર કરોડ ફાળવ્યા હતા, જયારે મોદીજીએ તેટલી જ રકમ માત્ર એક કંપની ટાટા નેનોને ફાળવી દીધી. મોદીજીએ લોકોને રોજગારી આપવાનો વાયદો કરી પાંચ ગામોના ખેડૂતોની જમીન લઇ લીધી હતી અને ટાટા નેનો કંપનીને ફાળવી દીધી હતી પરંતુ લોકોને ના રોજગારી મળી કે નથી તો રોડ ફર નેનો ગાડી દેખાતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તમારી જમીનો, પાણી અને વીજળી છીનવી લેવાય છે અને તે મોદીજીના માનીતા ઉદ્યોગપતિઓને પધરાવી દેવાય છે. કચ્છના મુંદ્રામાં એક વ્યકિતને ૪૫ હજાર એકર જમીન માત્ર એક રૂપિયા પ્રતિ ચો.મીના ભાવે પધરાવી દેવાઇ અને આ વ્યકિતએ તમારી આ જમીનો થોડા મહિનાઓ પછી રૂ.ત્રણથી પાંચ હજારમાં એચપીસીએલ સહિતની સરકારી કંપનીઓને વેચી મારી..આમ કહી રાહુલ ગાંધીએ અદાણી જૂથને નિશાના પર લઇ લીધુ હતું. રાહુલે રાફેલ હવાઇ જહાજના કોન્ટ્રાકના મુદ્દે પણ વડાપ્રધાન મોદી પર સીધા પ્રહારો કર્યા હતા કે, મોદીએ અનુભવી સરકાર કંપની સાથેનો રાફેલ હવાઇ જહાજનો કોન્ટ્રાકટ રદ કરી હજારો કરોડની ઉંચી કિંમતે તે પોતાના ખાસ ઉદ્યોગતિને આપી દીધો કે જેણે કયારેય હવાઇ જહાજ બનાવ્યા નથી. આ ઉદ્યોગપતિના માથે રૂ.૪૫ હજાર કરોડનું તો દેવું છે. રાહુલ ગાંધીએ રાફેલ હવાઇ જહાજ ડીલ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂછેલા ત્રણ સવાલો આજે ફરીથી દોહરાવ્યા હતા અને તેમની પાસેથી જવાબની માંગણી કરી હતી. રાહુલે શિક્ષણ, બેરોજગારી, આરોગ્ય સેવા, ખેડૂતો અને મહિલા સુરક્ષા સહિતના મુદ્દે પણ મોદી સરકાર અને ભાજપને આડા હાથે લીધા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, મોદી સરકાર એ માત્ર ઉદ્યોગપતિઓની સરકાર છે, જયારે કોંગ્રેસની સરકાર આવશે એ ગુજરાતના ગરીબોની પોતાની સરકાર હશે આમ કહી રાહુલ ગાંધીએ આ વખતે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના વિજયનો ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો હતો. રાહુલે ખેડૂતોને ૧૬ કલાક વીજળી આપવાની અને તેમના દવા માફ કરવાની વાત પણ દોહરાવી ખાતરી આપી હતી. તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં ખેડૂતોની કે જનતાની વાત કે વેદના કોઇ સાંભળતુ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર તેમની મનની વાત સંભળાવી જાય છે અને તેમનું ધાર્યું જ કરે છે. છેલ્લા ૨૨ વર્ષોથી ગુજરાતમાં જનતાનો-પ્રજાનો અવાજ સંભળાતો નથી પરંતુ આ વખતે ગુજરાતની જનતાને સરપ્રાઇઝ મળવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસની કે સ્થાનિક મુદ્દાઓની વાત નથી કરતા પંરતુ અફઘાનિસ્તાન, ચીન અને જમ્મુ-કાશ્મીરની વાત કરે છે. રાહુલ ગાંધીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને લઇને જણાવ્યું હતુ કે, કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં પ્રજાલક્ષી અને લોકોનો કલ્યાણ અને ખુશહાલ જીંદગીની વાત કરી વચનો આપ્યા છે. કારણ કે, કોંગ્રેસ ગુજરાતના વસતા તમામ કુંટુંબોને ખુશહાલ જોવા ઇચ્છે છે. આ માટે કોંગ્રેસના નેતાઓ, આગેવાનો અને કાર્યકરોએ લોકોના ઘેર-ઘેર જઇ, ગામડે ગામડે ફરી લોકોના, ગ્રામજનોના અને સમાજના તમામ વર્ગ-સમુદાયની ઇચ્છા, અપેક્ષાઓ, પ્રતિભાવો, અભિપ્રાયો જાણ્યા અને સમજયા બાદ આ ચૂંટણી ઢંઢેરો તૈયાર કર્યો છે. રાહુલ ગાંધીએ નર્મદા મુદ્દે ફરી એકવાર મોદી સરકાર અને ભાજપને આડા હાથે લીધા હતા કે, છેલ્લા ૨૨ વર્ષોથી ગુજરાતમાં નર્મદાની વાતો થાય છે. શું તમને નર્મદાના પાણી મળ્યા ? જેથી ઉપસ્થિત જનમેદનીમાંથી નકારનો જવાબ ઉઠયો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને હાલમાં આક્રમક પ્રચાર કરી રહેલા રાહુલે જણાવ્યું કે, મોદીજી પાસે તેમણે પૂછેલા પ્રશ્નોના જવાબ આપવા જેવું કંઇ નથી અને તેથી પ્રજાને બીજા મુદ્દાઓ અને ભાવનાત્મક વાતોમાં ગેરમાર્ગે દોરી રહ્યા છે પરંતુ ગુજરાતની શાણી અને સમજુ પ્રજા હવે તેમને ઓળખી ગઇ છે અને મતદાન મારફતે ભાજપને જોરદાર જવાબ આપશે.આ વખતે ગુજરાતની જનતાના આશીર્વાદથી રાજયમાં લોકોની પોતાની કોંગ્રેસની સરકાર બનવા જઈ રહી છે.

### તાત્કાલિક કાયદાકીય પગલાં લેવા કોંગ્રેસની માંગણી

# કોંગ્રેસે ધીમા વોટીંગ સહિત પ્રશ્ને પંચમાં કરેલી ફરિયાદ

## બ્લુટુથ ટેકનોલોજી ઉપયોગ દ્વારા ઈવીએમમાં ગડબડીનો પણ કોંગ્રેસનો આક્ષેપ : ફરિયાદ બાદ રાજકારણ ગરમાયું

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું ત્યારે બીજીબાજુ, કોંગ્રેસ પક્ષ દ્વારા ધીમા વોટીંગ, ભાજપના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા મતદાન દરમ્યાન લાઇવ પ્રેસ કોન્ફરન્સ કરી ચૂંટણી આચારસંહિતાનો ભંગ કરાયો હોવા સહિતના કેટલાક મુદ્દે આજે ચૂંટણી પંચને ગંભીર ફરિયાદો કરી હતી અને આ સમગ્ર પ્રકરણમાં તાત્કાલિક કાયદાનુસાર પગલા ભરવા માંગણી કરવામાં આવી હતી. કોંગ્રસેની ફરિયાદને પગલે ગુજરાતનું રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી અને લીગલ સેલ કન્વીનર નિકુંજ બલરે ચૂંટણી પંચને કરેલી ફરિયાદ અંગે જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી કે રાજકોટ પશ્ચિમના ઉમેદવાર છે, તેમણે મતદાન પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમ્યાન અમદાવાદમાં લાઇવ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને તમામ ટીવી ચેનલોમાં તેનું પ્રસારણ થયું હતું. આમ કરી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ચૂંટણી આચારસંહિતાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. મતદાનના કલાકો દરમ્યાન વડાપ્રધાન મોદીની જાહેરસભાઓનું પ્રસારણ કરાયું હતું. આ સમગ્ર મામલે તાત્કાલિક કાયદાનુસાર પગલા ભરવા કોંગ્રેસ તરફથી ચૂંટણીપંચ સમક્ષ માંગણી કરાઇ હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી અને લીગલ સેલ કન્વીનર નિકુંજ બલરે વધુમાં જણાવ્યું હતું કે, ભાવનગરના બરતળાવ વોર્ડ મતવિસ્તારના બુથ નં-૨૦૪ ખાતે આજે સવારે મતદારો સમયસર આવી ગયા હોવાછતાં ભાજપના સ્થાનિક ધારાસભ્યના ઈશારે પ્રિસાઇડીંગ ઓફિસર દ્વારા ઈરાદાપૂર્વક મતદાન પ્રક્રિયા ધીમી ગતિએ શરૂ કરવામાં આવી હતી. આ મામલામાં પણ કસૂરવાર પ્રિસાઇડીંગ ઓફિસર સહિતના લોકો વિરૂધ્ધ કાર્યવાહી કરવાની કોંગ્રેસે માંગણી કરી હતી. આ સિવાય, વાગરા મતવિસ્તારમાં લુવારા ગામના પોલીંગ બુથમાં ઈવીએમમાં કોંગ્રસના ઉમેદવારનું બે નંબરનું બટન ચાલતુ નહી હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. જયારે જામનગર મતવિસ્તાર ખાતે એક પોલીંગબુથ પર બ્લુટુથ કનેકટીવીટી ઈવીએમ સાથે જોડાતાં ફરિયાદ ઉઠી હતી. કોંગ્રેસ દ્વારા બ્લુટુથ ટેકનોલોજીના ઉપયોગ મારફતે ઈવીએમમાં ગડબડીની દહેશત વ્યકત કરી હતી અને આ સમગ્ર મામલે જરૂરી પગલા લેવા ચૂંટણી પંચને વિનંતી કરવામાં આવી હતી.

# EVMમાં ઈન્દ્રનીલનું બટન દબાવો તો રૂપાણીમાં લાઈટ

અમદાવાદ,

રાજકોટમાં મતદાન દરમ્યાન કેટલાક મતદાન મથકો પર વાઇફાઇ, બ્લુટુથ કનેકટીવીટીની સાથે ઇવીએમમાં કોંગ્રેસના ઉમેદવાર ઇન્દ્રનીલ રાજયગુરૂનુ બટન દબાવો તો પણ ભાજપના ઉમેદવાર અને મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા અન્ય એક ઉમેદવારના બટન પર પણ લાઇટ થતી હોવાનો કોંગ્રેસે ગંભીર આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના આ ગંભીર આક્ષેપને પગલે ભારે ચકચાર મચી ગઇ છે. રાજકોટ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ મહેશ રાજપૂતે આ અંગે ચૂંટણી નીરીક્ષક અશ્વિનીકુમારને લેખિત ફરિયાદ પણ કરી હતી. જો કે, ચૂંટણી પંચે તેમના ધ્યાનમાં આવુ કંઇ આવ્યું નહી હોવાનું જણાવ્યું હતું. ચૂંટણી નીરીક્ષક સમક્ષ કોંગ્રેસ તરફથી કરાયેલી ફરિયાદમાં આક્ષેપ કરાયા હતા કે, જુદા જુદા મતદાનમથકો પર નમો વાઇફાઇ ડાયરેકટ કનેકટ થાય છે અને અલગ અલગ જગ્યાએ વાઇફાઇમાં યુઝરનેમ એકસરખા આવે છે. રાજકોટ ૬૯ વિધાનસભાના મતદાન મથકોના લગભગ બુથ વોર્ડ નં-૧માં બુથ નં-૧થી લ, ૨૦થી ૨૪, વોર્ડ નંબર-૯માં બુથ નંબર-૬૮થી ૭૪, ૮૪થી ૮૮ સહિતના બુથ પર વાઇફાઇ ડાયરેકટ કનેકટ થતા હતા. એટલું જ નહી, અલગ અલગ જગ્યાએ વાઇફાઇના યુઝરનેમની સીરીઝ પણ એકસરખી આવે છે અને તેથી પાસવર્ડ પણ સુરક્ષિત નથી. કોંગ્રેસે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ઇવીએમમાં કોંગ્રેસના ઉમેદવાર ઇન્દ્રનીલ રાજયગુરૂના બટન દબાવો તો પણ મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા અન્ય એક ઉમેદવારના બટન પર પણ લાઇટ થતી હોવાથી આ સમગ્ર મામલો તપાસ માંગી લે છે. કોંગ્રેસે ચૂંટણીપંચને આ સમગ્ર ફરિયાદના મામલામાં તટસ્થ અને ન્યાયી તપાસ કરી કાયદાનુસાર કાર્યવાહી કરવા માંગણી કરી છે.


**જન ફરિયાદ**

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ :**
**બકુલ એ. રાવલ**
**અમદાવાદ મુખ્ય કાર્યાલય**
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી


### લુનાવાડા, બોડેલીમાં મોદીએ કોંગ્રેસ પર તેજાબી પ્રહારો કર્યા

# કોંગ્રેસનું પાટીદારને અનામતનું વચન ગેરમાર્ગે દોરવાનું કૃત્ય છે

## કોંગ્રેસે પછાત, દલિત, આદિવાસી સમાજનો વોટબેંક માટે જ ઉપયોગ કર્યો છે : કોંગ્રેસના પાપે બેંકો તકલીફમાં : મુસ્લિમોને અનામત મળ્યું નથી : મોદી

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પણ ઝંઝાવતી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. મોદીએ પોતાની રેલીમાં પાટીદાર અનામતને લઈને કોંગ્રેસે આપેલી ખાતરીનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, કોંગ્રેસે એવા વચનો આપ્યા છે જે પુરા થઇ શકે તેમ નથી. ભૂતકાળમાં મુસ્લિમોને ક્વોટાના વચનો આપવામાં આવી ચુક્યા છે જે પુરા થયા નથી. મોદીએ કહ્યું હતું કે, પાટીદાર સમુદાયને અનામત આપવાનું વચન હવે આપ્યું છે જે કાયદાકીયરીતે પૂર્ણ થઇ શકે તેમ નથી. પ્રથમ તબક્કાના મતદાનના દિવસે મોદીએ જુદા જુદા વિસ્તારમાં રેલી કરી હતી જેમાં લુનાવાડા, બોડેલી અને મહેસાણામાં સભાઓ કરી હતી જેમાં કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ રેલીમાં ઉપસ્થિત લોકોને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, જુદા જુદા રાજયોમાં મુસ્લિમોને અનામત આપવાનું કોંગ્રેસે વચન આપ્યું છે. આ વચન કોંગ્રેસ પાળી શકી નથી. કોંગ્રેસ અને પાસ વચ્ચે અનામતનો મુદ્દો મોદીએ ઉઠાવ્યો હતો અને આની વિગત પણ જાહેર કરી શકાય નથી. યુવા નેતા અલ્પેશ ઠાકોરને તરફેણમાં લઈને ઓબીસી મત ખેંચવાના પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરાયા છે. મોદીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, રાજયસભામાં તેમના આંકડા કોંગ્રેસ સાથે હોવા છતાં કંઇ પણ કર્યું નથી. બંધારણીય દરજ્જો મળવાથી ઓબીસી પંચને રોકવાનું કામ કર્યું છે. મોદીએસાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ એટલી નિરાશ છે અને એવી હતાશ અને નિરાશ છે કે આડેધડ નિવેદન કરાઈ રહ્યા છે. પોતાના ઘરમાં જ જેમનું કંઇ ઉપજતું ન હોય તેમનું ગુજરાતમાં ક્યાંથી ઉપજે તેવો પ્રશ્ન કર્યો હતો. આખા ગુજરાતના હૃદય પર કોંગ્રેસે ચોટ પહોંચાડી છે. ભારત દેશ મારો બાપ અને મા છે. હું એક સંતાનની જેમ ભારતની સેવા કરતો રહીશ. કોંગ્રેસે પછાત, દલિત અને આદિવાસી સમાજનો વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે. ગુજરાતમાં પ્રથમ તબક્કાના મતદાન વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. મોદીએ લુનાવડામાં ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના નેતાઓ પર તેજાબી પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસી નેતાઓએ તેમના અંગે જે ભાષાનો ઉપયોગ કર્યો છે તેવી ભાષાનો ઉપયોગ તો કોઇ લોકો તેમના દુશ્મનો સામે પણ કરતા નથી. મોદીએ ફરી એકવાર બતાવી દીધુ છે કે મણિશંકર અય્યરના નીચ શબ્દવાળા નિવેદનના મુદ્દે મોદીએ પ્રચારનો દોર જારી રાખ્યો હતો. તેમણે કોંગ્રેસના નેતાઓ દ્વારા તેમની સામે અગાઉ ઉપયોગ કરવામાં આવેલા આવા શબ્દોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસના એક યુવા નેતા છે સલમાન નિઝામી. તેમણે એક વખતે પ્રશ્ન કર્યો હતો કે મોદીના માતાપિતા કોણ છે. આવી ભાષાનો ઉપયોગ તો કોઇ દુશ્મન માટે પણ કરાતા નથી. મોદીએ જવાબ આપતા કહ્યુ હતુ કે તેઓ દર્શાવવા માંગે છે કે મોદીની માતા ભારત માતા છે. મોદીના પિતા ભારત દેશ છે. આ દેશે તેને મોટો કર્યો છતે. હવે દેશની સેવા કરવાની તક આપી છે. આપના પોતાના ઘરનો પુત્ર પરત ફર્યો છે તેવુ તેમને લાગતુ નથી. મોદીના આ પ્રશ્ન પર લોકો ખુશખુશાળ થઇ ગયા હતા. સલમાન નિઝામી કોંગ્રેસના સ્ટાર પ્રચારક છે અને ગુજરાતની અંદર રાહુલ ગાંધી માટે મત માંગે છે. આ કોંગ્રેસી નેતા છે જેમને દેશની સેનાનુ અપમાન કર્યુ છે. કોંગ્રેસના નેતા કહે છે કે આઝાદ કાશ્મીર જોઈએ છે. કોંગ્રેસના લોકો કહેતા રહ્યા છે કે દરેક ઘરથી અફઝલ નિકળશે. શુ આપને અફઝલ જોઈએકે દેશને ન્યાયપાલિકાએ જેને ફાંસી આપી છે તે વ્યક્તિ જોઈએ છે.મોદીએ કહ્યુ છે કે કોંગ્રેસ પાર્ટીના એક વ્યક્તિએ કહ્યુ છે કે દેશની સેના રેપિસ્ટ છે. સેના બળાત્કારી છે તેવો પ્રશ્ન ઉપસ્થિત લોકોને મોદીએકર્યો હતો.

# સટ્ટાનુ અનુમાન : ભાજપને મળી શકે છે ૧૦૨ બેઠક

અમદાવાદ,

ગુજરાતમાં પ્રથમ તબાક્કાની ૮૯ બોઠક માટે મતદાન પૂર્ણ થઈ ચુકયુ છે જયારે બાકીની ૯૩ બેઠક માટે ૧૪ ડિસોમ્બરે મતદાન યોજાવાનુ છે. ત્યારે પ્રથમ તબક્કાના મતદાન પહેલા સટ્ટાબજાર દ્વારા પોતાનુ અનુમાન રજુ કરવામાં આવ્યુ છે, જે ભાજપની જીતાનુ સમર્થાન કરી રહ્યુ છે. સટ્ટાબજારના મતે ભાજપ આ ચુંટણીમાં ૧૦૧થી ૧૦૩ બેઠક જીતી શકે છે. જયારે કોંગ્રેસને ૭૧થી ૭૩ બેઠકો મળે તેવી શક્યતા છે. ભાજપ માટે અલગ-અલગ ત્રણ ભાવ નક્કી કરવામાં આવ્યા છે, ભાજપ ૧૧૦થી વધુ બેઠક જીતે તેનો ભાવ પ્રતિ ૧ રૂપિયે ૧.૫૦ રૂપિયા છે.જયારે ભાજપની ૧૨૫થી વધુ બેઠકનો ભાવ પ્રતિ ૧ રૂપિયે ૩.૫૦ રૂપિયા છે. તેમજ ૧૫૦થી વધુ બેઠકનો ભાવ પ્રતિ ૧ રૂપિયે ૭ રૂપિયા છે. જયારે કોંગ્રેસની ૯૯-૧૦૦ બેઠક માટે પ્રતિ ૧ રૂપિયે ૩ રૂપિયાનો ભાવ ચાલી રહ્યો છે. કોંગ્રેસની ૭૫થી વધુ બેઠકો માટે પ્રતિ ૧ રૂપિયે ૧.૧૦ રૂપિયાનો ભાવ ચાલી રહ્યો છે. રાજયમાં ભાજપની સરકાર રચાવાનો ભાવ પ્રતિ ૧ રૂપિયે ૧.૫૦ રૂપિયા છે. જયારે કોંગ્રેસની સરકાર માટેનો ભાવ પ્રતિ ૧ રૂપિયે ૩ રૂપિયાનો છે. એટલે કે સટ્ટાબજાર સ્પષ્ટ રીતે ભાજપની જીતનો ઈશારો કરી રહ્યુ છે.

### હાર્દિકના મનની વાત આખરે બહાર આવી

# સારી ઓફર મળે તો કોંગ્રેસમાં જોડાવામાં વાંધો નથી :હાર્દિક

સુરત,

ભાજપ સામે આરપારની લડાઈ લડવા માટે નીકળેલ હાર્દિક પટેલે કોંગ્રેસમાં જોડાવાની શરતનો પણ આખરે ખુલાસો કરી દીધો છે. હાર્દિક પટેલ ભાજપને હરાવવા માટે ચુંટણીમાં કોંગ્રેસને સમર્થનની જાહેરાત કરી ચુક્યો છે. ત્યારે હવે હાર્દિક પટેલે આશા વ્યક્ત કરી છે કે તે રાહુલ ગાંધીનો પણ મિત્ર બની શકે છે. રાહુલની પ્રશંસા કરતા હાર્દિક પટેલે જણાવ્યુ હતું કે રાહુલમાં ખૂબ જ સુધારો થયો છે, લોકો હવે તેને સાંભળી રહ્યા છે. હાર્દિક પટેલે કોંગ્રેસમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે જો કોંગ્રેસ તરફથી સારી ઓફર મળશે તો પાર્ટીમાં જોડાવામાં મને વાંધો નથી. પરંતુ હંમેશા એ જ કામ કરીશ જે પાટીદારો ઈચ્છશે. જો પાટીદાર સમાજ કહેશે કે મારે કોંગ્રેસમાં જોડાવુ જોઈએ, તો હું જોડાઈશ. હાર્દિક પટેલે આક્ષેપ કર્યો હતો કે ભાજપના દબાણના કારણે અમારા કેટલાક સાથીઓ આંદોલનનો સાથ છોડવા મજબુર બન્યા છે. પરંતુ રેલીમાં આવતા લોકોની ભીડ પર તેની કોઈ અસર પડી નથી. અયોધ્યામાં રામ મંદિર વિવાદ મુદ્દે હાર્દિક પટેલે જણાવ્યુ હતું કે, અમે ત્યાં રામ મંદિર અને મસ્જિદ બન્ને ઈચ્છીએ છીએ. પરંતુ મંદિરો બનાવવાથી યુવકોને રોજગારી મળવાની નથી. વાસ્તવમાં ભાજપ મૂળ મુદ્દા પરથી લોકોનુ ધ્યાન ભટકાવવા મંદિર જેવા મુદ્દાને ઉછાડે છે. વડાપ્રધાન દ્વારા પોતાના અપમાનને ગુજરાતનુ અપમાન ગણાવવા પર હાર્દિકે જણાવ્યુ હતું કે, મોદીજીનુ આ વલણ ખૂબ જ નકારાત્મક છે.


તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001